# ભુજમાં યોજાયેલી ટેલેન્ટ હન્ટમાં માંડવીના વિદ્યાર્થીએ બાજી મારી



■ કચ્છના વિદ્યાર્થીઓએ વક્તૃત્વ સ્પર્ધામાં ટેલેન્ટથી મંત્રમુગ્ધ કરી દીધા

ભુજ, તા. ૨૩

માંડવીના યુવાનને હંમેશા દુઃખ હતું કે, તે ખેલ મહાકુંભમાં ભાગ નથી લઈ શકતો કારણ કે તે વિકલાંગ છે. ટેલેન્ટ હોવાનો અહેસાસ તો છે જ, પરંતુ તે દેખાડવું ક્યાં તે એક પ્રશ્ન હતો.જો કે, તેના મક્કમ નિર્ધારને લીધે છેવટે તેણે ભુજમાં આયોજિત ટેલેન્ટ હન્ટ સ્પર્ધામાં પાણી બતાવ્યું અને પ્રથમ ક્રમાંકે રહી સૌ કોઈને દેખાડી દીધું કે મહેનત અને દૃઢ મનોબળ હોય તો સફળતા મળે છે. ભુજમાં અદાણી ફાઉન્ડેશન દ્વારા ટેલેન્ટ હન્ટ સ્પર્ધાનું આયોજન કરવમાં આવ્યું હતું. જે અંતર્ગત શીઘ્ર વક્તૃત્વ સ્પર્ધામાં અલગ અલગ રાઉન્ડના અંતે ત્રણ વિદ્યાર્થીઓને સ્પર્ધામાં વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં માંડવીની ત્રણ ટુકર હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા કીશોર શામલ કારિયા એ પ્રથમ, ભુજની માતૃછાયા કન્યા વિદ્યાલયની જાનવી જયેશ મહેતા દ્વિતીય તથા નખત્રાણાની ટીડીવી હાઈસ્કૂલની પ્રિન્સી નિલેશ સોનીએ તૃતીય ક્રમાંક મેળવ્યો હતો.

વિજેતા જાહેર થયેલા વિદ્યાર્થીઓને ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.નિર્ણાયકોએ પણ વિદ્યાર્થીઓની આંતરિક શક્તિને બિરદાવી આગળ વધાવા માટે પ્રેરણા આપી હતી. સ્પર્ધામાં ભાગ લેવાથી વિદ્યાર્થીઓએ કંઈક નવું જાણવા મળ્યું હોવાનો અહેસાસ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં ડીડીઓ હર્ષદ પટેલ સહિત સંસ્થાના કર્મચારી તેમજ શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.